૩૦/૧૨,૬૧૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

## વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - ૨૩મી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારો આ બાળક તો ભગવાન છે અને હું તેમનો સેવક છું.'' (૪)
૨. ''હજી દૂધને ઘણી વાર છે માટે છાનામાના એક ઠેકાણે બેસો.'' (૧૩)
૩. ''પૂછ્યા વગર કોઈ વસ્તુ નહિ લઈએ.'' (૬૯)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ખાંપા તલાવડીએ ઘનશ્યામને પાટો કોણે બાંધ્યો ? (૩૯) ૨. ખેતરમાં ચકલાં જોઈ ઘનશ્યામે શું કર્યું ? (૨૨)
૩. ખલાસીએ જુદા વહાણના કેટલા પૈસા કહ્યા ? (૬૧) ૪. હરિકૃષ્ણ નામ શાથી પાડ્યું ? (૭)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વાંદરાને મેથીપાક :** છપૈયામાં ઘનશ્યામ ઓરડામાં જમતા હતા ત્યારે વાંદરો રોટલી ખૂંચવી ડાળે જઈને બેઠો.

જવાબ :- **વાંદરાને મેથીપાક :** **અયોધ્યામાં** ઘનશ્યામ **ઓશરીમાં** જમતા હતા ત્યારે વાંદરો **પૂરી** ખૂંચવી ડાળે જઈને બેઠો.

૧. **માછલીઓ સજીવન કરી :** નારાયણ સરોવરના કિનારે આંબાના વૃક્ષ પાસે ઘનશ્યામે માછલીઓને સજીવન કરી. (૨૧)
૨. **મલ્લોનો પરાજય :** ઘનશ્યામે જેના પગમાં સો હાથીનું બળ છે તેવા કેસરીસંગને હરાવ્યો. (૩૩)
૩. **ઘનશ્યામને જનોઈ આપી :** હરિપ્રસાદ ઉપાધ્યાયે છપૈયામાં ઘનશ્યામની જનોઈની વિધિ કરી. પછી બળવંતમામા ઘનશ્યામની પાછળ દોડ્યા. (૫૭-૫૮)
૪. **સરયૂને તીરે :** સં. ૧૮૪૯ના અષાઢ સુદ દશમના દિવસે કાલીદત્ત નામના અસુરે ઘનશ્યામને સરયૂ નદીમાં ધક્કો માર્યો. (૮૧)

**પ્ર.૪** 'રામદયાળને દર્શન' (૫) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વાળંદને ચમત્કાર (૧૫)
(૧) ☐ ઘરમાંથી ગોળ મંગાવીને ઘનશ્યામને આપ્યો. (૨) ☐ ઘનશ્યામના શરીરમાંથી તેજ નીકળવા માંડ્યું.
(૩) ☐ ભક્તિમાતાએ કહ્યું, 'અમઈને દર્શન આપો.' (૪) ☐ ધર્મપિતાએ સૌને પતાસાં વહેંચ્યાં.

૨. સોળ ચિહ્નો (૪૦)
(૧) ☐ રાજા ગુમાનસિંહ (૨) ☐ રાજા રાયદર્શનસિંહ
(૩) ☐ ઠાકોરજીની મૂર્તિએ ઘનશ્યામને હાર પહેરાવ્યો. (૪) ☐ ઘનશ્યામે ઈચ્છારામનો ભાર વધારી દીધો.

૩. આંધળાને દેખતો કર્યો (૭૩)
(૧) ☐ મહાદેવનું મંદિર (૨) ☐ વિદ્યાકુંડનું મંદિર (૩) ☐ દેવીબક્ષ (૪) ☐ વ્રજવિહારી

૪. હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું. (૫૦)
(૧) ☐ જમાતમાં એક હજાર બાવા હતા. (૨) ☐ આ ગામમાં સૌથી મોટા સજ્જન તમે છો.
(૩) ☐ ત્યાગી બાવાને અભિમાન ન કરાય. (૪) ☐ હાથી તંબુને સૂંઢથી ઉખેડવા લાગ્યો.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. (૮૦-૮૧)
૨. અન્નકૂટની આરતી કરતાં સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. (૭૨-૭૩) ૩. મોહનદાસ બાવો સમાધિમાં યમપુરીમાં ગયો. (૫૬)

## વિભાગ-૨ : યોગીજી મહારાજ - ૧૬મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારે બે વાત સમજવી.'' (૧૩) ૨. ''હું તમનેય ધ્યાન ધરતાં શીખવાડીશ.'' (૩)
૩. ''આજ્ઞા પાળવામાં સુખ છે.'' (૩૫)

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કયો પ્રસંગ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે ? (૩૯)
૨. યોગીજી મહારાજ બાળકો પાસે કેવી ધૂન ગવડાવતા ? (૪૭)
૩. શિક્ષકોએ ઝીણાને શું થવાનું કહ્યું ? (૭)
૪. બે બાજુ બે યુવકોના હાથ પકડી યોગીજી મહારાજ શું કહેતા ? (૩૮)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રારંભ''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૯ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : અંધાર-ખંડને અજવાળ્યો (૪૪)**

**૧.** મુક્તરાજ હરમાનભાઈના સમાધિસ્થાન ઉપર ચરણારવિંદ પધરાવ્યાં. **૨.** ઈ. સ. ૧૯૫૩માં યોગીજી મહારાજ પ્રથમ વાર આફ્રિકા ગયા. **૩.** ચાર સંતોને અમેરિકા સત્સંગ પ્રચાર કરવા મોકલ્યા. **૪.** નાઈરોબી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. **૫.** ત્રીજી વખત આફ્રિકા જવા કબૂલ્યું. **૬.** ૩૮ દિવસમાં ૮૨ ગામડાંમાં પધરામણી કરી. **૭.** કંપાલા, જિંજા અને ટરોરોનાં મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. **૮.** ઈ. સ. ૧૯૭૧માં ત્રીજી વખત આફ્રિકા પધાર્યા. **૯.** ઈ. સ. ૧૯૬૦માં સ્વામીશ્રી ૮ દેશોમાં વિચર્યા. **૧૦.** મોમ્બાસા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. **૧૧.** લંડનમાં ઈ.સ. ૧૯૭૦માં ચાર અઠવાડિયા રોકાયા. **૧૨.** લંડનમાં પોલીસ બૅન્ડ સાથે વાજતે ગાજતે સામૈયું કરવામાં આવ્યું.

**(૧) ફક્ત સાચા નંબરો** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**(૨) યથાર્થ ઘટનાક્રમ** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** 'સાચા સાધુ' (૨૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ભાવનગરના હરિભક્ત યોગીજી મહારાજના ચરણોમાં નમી પડ્યા. (૨૦)

૨. સદ્ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી ઝીણાભાઈ પર પ્રસન્ન થઈ ગયા. (૯)

૩. ઝીણાને જોઈને ખેતરનો માલિક રોજ કહેતો, 'આ ઝીણો બહુ ચમત્કારિક બાળક છે.' (૨)

## વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - ૧૬મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૮

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. આત્માનંદ સ્વામીએ ભોળાનાથને કેવા આશીર્વાદ આપ્યા હતા ? (૨૭)

૨. ભગુજીનું નામ પડતાં શું થતું ? (૧૮)

૩. પૂંજા ડોડિયા કયા ગામના હતા ? (૪૧)

૪. ડુંગર ભક્ત કઈ રમત રમતા હતા ? (૩૯)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વીર ભગુજી (૧૮)

(૧) ☐ ઘામાં ચરક
(૨) ☐ ભડલીના વજેસિંહ
(૩) ☐ મારે તો સ્વામિનારાયણ ભગવાન જોઈએ છે.
(૪) ☐ સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું, ''કાળ આવે તો ભગાડી મૂકજો.''

૨. વિજાપુરનાં વજીબા (૪૭)

(૧) ☐ રામાનંદ સ્વામી વિજાપુર ગયા.
(૨) ☐ તમારું મગજ ફરી ગયું છે શું ?
(૩) ☐ શ્રીજીમહારાજ વિજાપુરમાં બ્રહ્મચારી સાથે પધાર્યા.
(૪) ☐ તમે તો મારા સાચા ભક્ત છો.

૩. શાસ્ત્રીજી મહારાજ (૩૮)

(૧) ☐ જન્મ મહુવા ગામમાં થયો હતો.
(૨) ☐ દીક્ષા સંવત ૧૯૩૯ના કાર્તિક વદિ પાંચમે લીધી.
(૩) ☐ બોચાસણ, સારંગપુર, ગોંડલ, અમદાવાદ અને ગઢડામાં મંદિર બાંધ્યાં.
(૪) ☐ સારંગપુરમાં અંતર્ધાન થયા.

૪. ધૂન (૨)

(૧) ☐ રામાયણ લખનાર વ્યાસ ઋષિ હતા.
(૨) ☐ અજામિલના છોકરાનું નામ 'નારાયણ' પાડ્યું.
(૩) ☐ સ્વામી એટલે સહજાનંદ સ્વામી
(૪) ☐ 'બ્રહ્મ અને પરબ્રહ્મ'

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. સંવત ૧૮૪૧ની .................... ને દિવસે મૂળજી શર્માનો જન્મ થયો. (૨૭)

૨. શ્રીજીમહારાજને દાતણ આપનાર બીબી .................... ગામની હતી. (૨૫)

૩. મનને પવિત્ર રાખવા દર અઠવાડિયે આપણે .................... માં જવું. (૪૫)

૪.. હંમેશાં વડીલોને .................... આપવું જોઈએ. (૪૦)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. ચળું કરો લાવું ....... રાજી થઈને. (૨૩)

૨. જેનું નામ ....... નમું પ્રીતથી. (૧૭)

૩. પ્રગટ હરિ ....... હૃદયે ધારી. (૪)

૪. મૂળ અક્ષર ....... સહજાનંદ. (૫૦)

**પ્ર.૧૬** 'ભગવાન પોતાના.......' (૩૫) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** 'અખંડાનંદ સ્વામી' (૧૪) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**